(1) સત્યભામા (SATYABHAMA) પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પોર્ટલનું પૂરુંનામ 'સાયન્સ એન્ડ ટેક્નોલોજી યોજના ફોર આત્મનિર્ભર ભારત ઈન માઈનીંગ એડવાન્સમેન્ટ' છે.

(2) આ પોર્ટલ ખાણ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

(3) આ પોર્ટલ ખનીજ તથા ઉત્ખનન ક્ષેત્રમાં સંશોધન અને વિકાસના પ્રોત્સાહન માટેનું છે.

(4) આ પોર્ટલનો વિકાસ ખાણ મંત્રાલય તથા ઈન્ફોસીસ દ્વારા કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ખાણ મંત્રાલય દ્વારા સત્યભામા નામનું પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સત્યભામાનું પૂરુંનામ 'સાયન્સ એન્ડ ટેકનોલોજી યોજના ફોર આત્મનિર્ભર ભારત ઈન માઈનીંગ એડવાનસમેન્ટ' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ પોર્ટલનો ઉદ્દેશ ખનીજ તથા ઉત્ખનન ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પોર્ટલ દ્વારા પ્રોજેકટ પ્રપોઝલનું ઓનલાઈન સબમિશન પણ થઈ શકશે. આ સાથે પ્રોજેકટના ફંડની તથા પ્રોજેકટની દેખરેખ પણ રાખી શકાશે.

⇛ આ પોર્ટલનું ડિઝાઈનીંગ, વિકાસ અને અમલીકરણ NIC-નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ઉપરાંત આ પોર્ટલને નીતિ આયોગના NGO દર્પણ પોર્ટલ સાથે પણ જોડવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સૂર્યગ્રહણ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સૂર્યગ્રહણ જોવા મળે છે.

(2) સૂર્યગ્રહણ સમયે માત્ર સૂર્યનો પડછાયો જ પૃથ્વી પર પડે છે.

(3) સૂર્યગ્રહણના  સામાન્ય રીતે ત્રણ પ્રકાર જોવા મળે છે.

(4) 22 જૂન, 2020ના રોજ આંશિક સૂર્યગ્રહણ થયું હતું.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3)  (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારતમાં **21** જૂન, **2020**ના રોજ વાર્ષિક સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સૂર્યગ્રહણ જોવા મળે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ સૂર્યગ્રહણ સમયે સૂર્યનો પ્રકાશ ચંદ્ર દ્વારા અવરોધાય છે. પરિણામે ચંદ્રનો પડછાયો પૃથ્વી પર પડે છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ સામાન્ય રીતે ત્રણ પ્રકારના સૂર્યગ્રહણ જોવા મળે છે :

- આંશિક સૂર્યગ્રહણ : જ્યારે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી સંપૂર્ણ રીતે એક રેખામાં ન હોય.
- સંપૂર્ણ સૂર્યગ્રહણ : સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી ફરજિયાતપણે એક રેખામાં જ હોય છે.
- વાર્ષિક સૂર્યગ્રહણ : સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એક રેખામાં હોવાની સાથે–સાથે એક જ સમતલમાં પણ હોય છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) NIPFP વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ પબ્લીક ફાયનાન્સ એન્ડ પોલિસિ છે.
(2) તાજેતરમાં ઊર્જિત પટેલને તેમના ચેરમેન તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.
(3) તેની રચના પ્લાનીંગ કમિશન અને નાણા મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
(4) તે એક સ્વાયત સંસ્થા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં RBIના પૂર્વ ગવર્નર ઊર્જિત પટેલને NIPFP સંસ્થાના ચેરમેન તરીકે નિયુકત કરવામાં આવ્યાં છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ NIPFPનું પૂરુંનામ નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ પબ્લીક ફાયનાન્સ એન્ડ પોલિસિ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારતની પ્રમુખ આર્થિક થિંક ટેંક છે. જે જાહેર અર્થશાસ્ત્ર અને નીતિ ક્ષેત્રમાં સંશોધન કરે છે.

⇛ આ એક સ્વાયત્ત સંસ્થા છે જેની સ્થાપના સંયુકત રીતે નાણા મંત્રાલય અને પ્લાનીંગ કમિશન દ્વારા 1976માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

⇛ સોસાયટી રજિસ્ટ્રેશન એકટ, 1860 હેઠળ તેની નોંધણી થયેલી છે.

⇛ આ સંસ્થાનું એક મુખ્ય કાર્ય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારને જાહેર નીતિ બનાવવામાં સહાયતા પૂરી પાડવાનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) ચીન સાથેનો સંપૂર્ણ વેપાર બંધ કરવામાં આવે તો નીચેનામાંથી કયાં ક્ષેત્રોને 50%થી પણ વધુ અસર થઈ શકે તેમ છે ?**

(1) સ્માર્ટફોન

(2) સૂર્યઊર્જા

(3) ફાર્મા / API

(4) સ્ટીલ

(5) ઓટોમોબાઈલ ઘટકો

(A) માત્ર (1), (2) અને (4)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (4) અને (5)

(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરવો સરળ નથી. આ વાત નીચેના ક્ષેત્રમાં રહેલા ચીનના ફાળા પરથી જાણી શકાય છે :

- **સ્માર્ટફોન** : તેની માર્કેટ સાઈઝ 2 લાખ કરોડ રૂપિયાની છે. જેમાં ચીની ઉત્પાદનનો ફાળો 72% છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- **ટેલીકોમ ઉપકરણો** : તેની માર્કેટ સાઈઝ 12,000 કરોડ રૂપિયાની છે જેમાં ચીની ઉત્પાદનનો ફાળો 25% છે.
- **ઓટોમોબાઈલ ઘટકો** : તેની માર્કેટ સાઈઝ 431 લાખ કરોડ રૂપિયા છે જેમાં ચીની ઉત્પાદનનો ફાળો 26% છે. (આથી, વિધાન (5) ખોટું છે.)
- **ઈન્ટરનેટ એપ** : ભારતના 45 કરોડ સ્માર્ટ ફોનમાં તેનું માર્કેટ છે. જે પૈકી 66% લોકોના ફોનમાં ઓછામાં ઓછી એક ચાઈનીઝ એપ્લિકેશન હોય છે.
- **સૂર્યઊર્જા** : તેની માર્કેટ સાઈઝ 37,916 MWની છે જેમાં ચીની ઉત્પાદનનો ફાળો 90% છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- **સ્ટીલ** : તેમા ચીનનો ફાળો 18-20% જેટલો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)
- **ફાર્મા/API** : તેની માર્કેટ સાઈઝ 1.5 લાખ કરોડ રૂપિયા છે જેમાં ચીની ઉત્પાદનનો ફાળો 60% છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) સુખના તળાવ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ તળાવ છત્તીસગઢમાં આવેલું છે.
(2) તે એક માનવનિર્મિત તળાવ છે.
(3) તાજેતરમાં તેને આર્દ્રભૂમિ (વેટલેન્ડ) તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.
(4) આ તળાવ સાતપુરા ટેકરીઓની પૂર્વે આવેલું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ ચંદીગઢ વેટલેન્ડ ઓથોરિટી દ્વારા એક નોટિફિકેશન દ્વારા સુખના તળાવને વેટલેન્ડ જાહેર કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ માટે આર્દ્રભૂમિ (સંરક્ષણ અને નિયમન) નિયમો, 2017 હેઠળ એક નોટિફિકેશન જાહેર કરવામાં આવી છે.

⇒ સુખના તળાવ ચંદીગઢમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ એક માનવ–નિર્મિત તળાવ છે જેની રચના વર્ષ 1958માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ તળાવ શિવાલિક શ્રેણીના તળીયે આવેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ તળાવનું નિર્માણ શિવાલિકમાંથી વહીને આવતા પાણીને એકત્ર કરવા માટે કરવામાં આવ્યું છે.

⇒ આ અગાઉ પણ તળાવને કાયદાકીય વ્યકિત (લીગલ પર્સન)નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT